૧૮૭૨

र ं .तनी रैयत उपर पडेला
दुःखनो पोकार.

રચીને પ્રગટ કરનાર.

એક મુસાફર.

દોહરો.

છોડી દ્યો અતીચારને, ટાળો ખોટા વેહેમ;
લાવો સમજણ મનમાં, લક્ષ્મી આવે એમ.

અમદાવાદ

ખાડીયામાં સારંગપુર જવાની સડકપર મેહે
તાજી પીતાંબરદાસ ત્રિભુવનદાસના મકાનમાં
હિતેચ્છુ પ્રેસમાં નેશંગ મુળજીએ છાપ્યો.

આવૃતિ ૧ લી.

સને ૧૮૮૩ સંવત ૧૯૩૯

કીમત ૪ આના.

खंभातनी रैयत उपर पडेला दुःखनो पोकार.

રચીને પ્રગટ કરનાર.

એક મુસાફર.

દોહરો.

છોડી દ્યો અવીચારને, ટાળો ખોટા વેહેમ;
લાવો સમજણ મનમાં, લક્ષ્મી આવે એમ.

અમદાવાદ

ખાડીયામાં સારંગપુર જવાની સડકપર મેહેતાજી પીતાંબરદાસ ત્રિભુવનદાસના મકાનમાં હિતેચ્છુ પ્રેસમાં જેશંગ મુળજીએ છાપ્યો.

આવૃતિ ૧ લી.

સને ૧૮૮૩ સંવત ૧૯૩૯

કીમત ૪ આના.

ખંભાતની રૈયત ઊપર પડેલા દુખનો પોકાર.

ગણપતિને સ્તુતી.

ગીતી

શંકર તુજને વિનવું, પ્રથમ કરૂં છું ગણુપતીની સેવા;
નથી હું સમજ્યો પુરૂં, લાજ રાખજે મહારી હે દેવા.
કવિતા કરવા ઉપર, ઉભરો મનમાં આજથકી વાપ્યો;
વિચાર આડા મુંકી, શુભ કર્મનો રસ્તો તેં આપ્યો.

કુંડળીયા.

ગણુપતીની સેવા કરો, જે છે સીવનો બાળ;
પ્રભુની પુજા આદરો, કદી ન આવે આળ.
કદી ન આવે આળ, ગાળ દેતાં સૌ ડરશે;
કર્મતણા જે ખેલ, ગેલ તેવાં તે કરશે;
ભાગ્ય સમજ પડતી નથી, માટે સો ભુલ ખાયછે;
સર્વ દેવતા પેહલો, મંગળ તે પુજાયછે

છપ્પો.

કરો ન જુઠી વાત, જુઠની સંગત ખોટી;
સહજ થશે નુકશાન, આબરૂ હોશે મોટી;
માટે માનો શીખ, લાજ તમારી રહેશે;
સજન દુનિયાં માંય, સાચને સારૂં કહેશે.
માટે સત્યને માનજો, જો રૂડું ઇચ્છો તમો;
આ લોક પરલોકમાં, સુખી થશો કહુંછું અમો.

નવાબ સાહેબ સત.

દોહરો

નર દુનિયાંમાં સોભતો,
વાક્‌પતિ+ છો આની આપ;
બેનવાણી× બોલો સદા,
સામાજીકની△ છાપ.
હેતુ રાજ્ય સુધારવા,
બક્ષિસ કર્યા વિચાર;
સમજું દીસોછો ઘણા,
તમ થાશો એ નિવાર.

+નિરદોષ ઉત્કૃષ્ટ બોલનાર બ્રહસપતી.
×દરૂગ્ણારથી ભાપા. △સભાપતિ.

દીવાન સાહેબ ધન્ય.

દોહરો.

દીનકર* સમ વખાણીઆ છો,
વાણી સદા સોહાય;
નમ્ર વૃતી રાખો સદા,
સાગર તુલ્ય સમાય.
હેતુ દ્વિપક્ષો તણા,
બાર લાવે કિરતાર;
ધર્મ દ્વેરા કરતા નથી,
ન્યક્ષ+ તણા અવતાર.

ખંભાતમાં ઈનસાફ નહી મલેથી કરેલો દાદ.

રાગ ગજલ.

ખંભાતમે ઇનસાફ હુવા નહિ અમેરા,
જબતો વિશ્વાસ કીયા હે તુમેરા. ખંભાત. ટેક.
સુરતના શેઠેતો સળો પેસારયો,
સુધારાનો શેખ અચ્છો પેસારયો;

---

* સુર્ય. + પરસુરામ.

જ્યાં જ્યાં જોઇએ ત્યાં દેખુ મોટા ખાડા,
ખંભાતમે ઇનસાફ હુવા નહિ અમેરા. ૧
નવારસો વાળે ન કરવાનું કીધું,
એણે મેણું રઇયતનું લીધું;
એણે દુનીયાંને મહા દુઃખ દીધું,
ખંભાતમે ઇનસાફ હુવા નહિ અમેરા. ૨
બાલા ભઇએતો બલવો જગાવ્યો,
એણે જુલમ અનીશો ચગાવ્યો;
હુકમ પોલીશમાંથી મંગાવ્યો,
ખંભાતમે ઇનસાફ હુવા નહિ અમેરા. ૩
જ્યારે બ્રીટીસ સરકારે મેહેર કીધી,
ત્યારે અરજી અમારી લીધી,
દુનીયાં સઘળી રહીછે બીધી,
ખંભાતમે ઇનસાફ હુવા નહિ અમેરા. ૪
ગાએકવાડે ગૌ બ્રાહ્મણ બચાવ્યા,
અમલદારો પર હુકમ મચાવ્યા;
એણે હાથેળી વચે નચાવ્યા,
ખંભાતમે ઇનસાફ હુવા નહિ અમેરા. ૫

પ્રભુ દીનની દયા તમો લાવો,
નિકર છોડી દઇશું દેશ આવો;
વૈદ પ્રવાસીને નહિ બચાવો,
ખંભાતમે ઈનસાફ હુવા નહિ અમેરા.

ખંભાતના દુઃખનો પોકાર.

રાગ રામગ્રિ.

ખંભાતી પરદેશ પરવર્યા.
જુલમથી જગદીશ. ખંભાતિ. ટેક.

દીવાન દયા નવ લાવીયા, દામોદરે દીધુ દુઃખ;
સુખનો સેરડો મળે નહિ, માટે બોલો મુખ.
ખંભાતિ૦ ૧

સુધારે સળો પેસાડીયો, સારા સેહરની માંય;
કેર કર્યો અતિ વેરથી, જોવા જેવો ત્યાંય.
ખંભાતિ૦ ૨

નવાંરંગી વાળે નુકસાનતો, કીધું છે અગણિત;
[illegible] સરમાવીઆ, પીધું હૃદય શોણિત.
ખંભાતિ૦ ૩

બાલુએ બલવો જગાવીયો, મચાવ્યો ભરપુર;
નગરીના નરો નસાડીયા, આગ લાગી છે ઉર.
ખંભાતિ૦ ૪

બ્રીટીસે મેહર કરી ગણી, ઘણી જાણી જરૂર;
અરજીઓ લીધી ઉરમાં, છાપા વાળા મસુર.
ખંભાતિ૦ ૫

નીતી વિરૂદ્ધ નથી ચાલીયા, વિચારી મન માંય;
સૌ સાથે નથી પરવર્યા કામ નાથ છે જ્યાંય
ખંભાતિ૦

સભાએ સીવ જગાડીયો, મુકીને મરજાદ;
આગળ ચાલીયા આપણે, કરવાને વીવાદ.
ખંભાતિ૦ ૭

સારવજનીકને ધન્ય છે, મન કીધું વિશેશ;
સહેર સુધારો પામવા, બાકી નવ રહું રેશ.
ખંભાતિ૦ ૮

રૈયત સૌ રાજી કરી, સિયાજી મહારાજ;
મન થકી મોટમ મુકીને, કીધુ ધર્મનુ કાજ.
ખંભાતિ૦

મહારાજ નહિ ગુરૂ રાજ છે, પ્રજા પાળવા કાજ,
લાજ મુકી અભીમાનની એવા છે મહારાજ.
ખંભાતિ૦ ૧૦

દેવ જેવા મહાદેવ છે, કરીયું નિતિનું કામ;
સાક્ષાત શંકર એહછે, રહ્યું દુનિયામાં નામ.
ખંભાતિ૦ ૧૧

વેદ વિનોદનો જાળમાં, અતિશે અમુંજાય;
કામ કયારે થશે જગતનું, ત્યારે લાય ઓલવાય.
ખંભાતિ૦ ૧૨

બારિસ્ટરને કરેલી ફરીયાદ.

રાગ રામગ્રી.

ફરી ફરી ફરીયાદ સાંભળો.
મનથી મહારાજ મેલી મનનો આમળો. ટેક.

સોલિસીટર સાણાછો તમે, અતિ વિચાર વંત;
બાંધુ બંધ વિના થયા, બારિસ્ટર બળવંત;
ફરી ફરી ફરી૦ ૧

પોલિટીકલ અત્રે આવિયા, તે હિંદુને સુખ;
રૈયતને સારૂં થયું, ભાગ્યું દુનીયાનું દુઃખ;
ફરી ફરી ફરી૦ ૨

વિદ્યા વિજય થકી અધુરા, અભણ્યા મહારાજ;
નીરની ખબર જરા નથી, એવા દીસેછે આજ.
ફરી ફરી ફરી૦ ૩

દીવાન તો દીલદાર છે, મન કોયની પાસ;
ભોળા સ્વભાવના આપ છે, નથી કરીયો તપાસ;
ફરી ફરી ફરી. ૪

સુધરઇના સેક્રટેરીએ, અવિચારીરે કામ;
કરવામાં કસુર કરી નથી, હુંએ ભીડીને હામ;
ફરી ફરી ફરી૦ ૫

મહાદેવ મન થકી સમજીયા, જકતને સંતાપ;
વેઠાતો નથી મુજથી, અતિસેં ઉતપાત;
ફરી ફરી ફરી. ૬

ધન્યછે માતની કુખને, સુખ કરવાને કાજ;
અરજી લીધી ઉરમાં, જાયો જનમ્યો છે આજ;
ફરી ફરી ફરી૦ ૭

વર્ણુને વાળી વિવેકથી, ધન્ય ગાએકવાડ;
કલ્પવૃક્ષ જેવા તમે, છો અમુલખ ઝાડ;
ફરી ફરી ફરી૦ ૮

સિલ્પ સાસ્ત્રિનું સાંભળો, લાવી મનમાં ધ્યાય;
પંડિત દીલમાં વિચારજો, દુઃખ દુનિયાનું જાય;
ફરી ફરી ફરી૦ [illegible]

સરકારને કરેલી સુચના.

રાગ ગરબી.

જાફર અભિમાનોને કહ્યું મારૂં રે. જાફર૦ટેક

તમે જાતે જાહેરનામું માર્યું રે,
એમાં રયતનું શું સુધાર્યું. જાફર૦
દીવાન મહંમદખાનને કીધા રે,
જાણી જોઇને અપજસ લીધા. જાફર૦
કામ ખરતરફી માંહે મુકાવી રે,
નવા દીવાનની અકલ ચુકાવી જાફર૦
પ્રજા રાજા બેટા બેટી જાણો રે,
ત્યારે મનનું માન્યું સીદ તાણો જાફર૦
માનો માનો મુનીવૃત છોડો રે,
પ્રજા સાથે દોડાવોને ઘોડા. જાફર૦
જેમ ગાએકવાડે નામ કીધું રે,
જેણે જરા રૂપી અમૃત પીધું જાફર૦
રાણા શા સારૂં નકામા કીધા રે,
[illegible] તો કેમ અપજસ લીધા જાફર૦

સમજો નહિતો એજંટને પુછોરે,
રાજ્યગાદીનો રૂડોછે ગુછો. જાફ્ર૦
પછીથી અતિસેં પસ્તાશોરે.
કદી હાલ તમે ભુલ ખાશો. જાફ્ર૦
અરજી વકીલ તણી ઉર આણોરે,
મન દુનિયાનું જો દુઃખ જાણો. જાફ્ર૦

સમાપ્ત.

જાહેર ખબર.

—o0o—

આ ચોપડીઓ નીચે લખેલે ઠેકાણેથી રોકડી કીમતે મળશે.

ખંભાતમાં—બ્રહ્મ સમાજના મંત્રી પાસેથી.

મુંબાઇમાં—વ્યાસ પરજારામ કુરણાશંકર પાસેથી.

વડોદરામાં—રા૦ છોટાભાઈ નાનાભાઈ પંડ્યા પાસેથી.

ખેડામાં—રા૦ કૃપાશંકર ખેચરભાઇ પાસેથી

અમદાવાદમાં—હિતેચ્છુ પરેસમાંથી મળશે.

ધર્મજમાં—કૃપાશંકર લલુભાઈ સ્તંભતિર્થ બ્રહ્મ-સમાજના એજંટને ત્યાંથી.

ખંભાતમાં કોઇને કાંઇ કેસ હશે તે બાબત અરજી તથા સલાહ વીગરેનું કામ હશે તો વકીલના કરતાં નીમે ખરચ લેઇ સ્તંભતિર્થ બ્રહ્મસમાજ તરફથી મદદ કરવામાં આવશે.